વિષયકોડ – **DSM – 1** (વર્ણનાત્મક)

ગુજરાતી (મુખ્ય પરીક્ષા)

ગુણ – ૧૦૦ માધ્યમ – ગુજરાતી સમય – ૩ કલાક

**પ્રશ્નપત્ર**

પ્રશ્ન : ૦૧ :

નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો. (૧૫ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

૧.૧ સ્વતંત્રતા પછી ભારતીય બંધારણમાં કરવામાં આવેલા સુધારાઓ

૧.૨ ભારતના ન્યાયતંત્રને ઝડપી અને અસરકારક બનાવવા માટે આવશ્યક પગલાંઓ

૧.૩ સુખની અનુભૂતિ : અસ્તિત્વ અને સ્વરૂપ

પ્રશ્ન : ૦૨ :

નીચેનાં બે વિકલ્પોમાંથી કોઈ પણ એક વિકલ્પનો આશરે ૧૦૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૨.૧ એકબીજાને જીતશું, રે ભાઈ, જાતને જાશું હારી!
ક્યાંય ના માય રે આટલો આજ તો ઉરને થાય ઉમંગ! – નિરંજન ભગત

૨.૨ આખો અવતાર મારે ભમવા ડુંગરિયા, જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા, અંતરની આંખડી લ્હોવી જરી. – ઉમાશંકર જોશી

પ્રશ્ન : ૦૩ :

નીચે આપેલ ગદ્યખંડનો (૪૯૪ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

અસ્તેય એટલે ચોરી ન કરવી. ચોરી કરે તે સત્ય જાણે કે પ્રેમધર્મ પાળે એમ કોઈ નહિ કહે. છતાં ચોરીનો દોષ આપણે સહુ થોડેઘણે અંશે જાણેઅજાણે કરીએ છીએ. પારકાનું તેની રજા વિના લેવું એ તો ચોરી છે જ. પણ પોતાનું ગણાતું પણ માણસ ચોરે છે: - જેમ એક બાપ પોતાનાં બાળકોના જાણ્યા વિના, તેઓને ન જણાવવાને ખાતર, છાનોમાનો કંઈ વસ્તુ ખાઈ જાય છે. આશ્રમનો કોઠાર આપણો બધાંનો છે એમ કહેવાય; પણ તેમાંથી છાનેમાને જે ગોળની ગાંગડી પણ લે છે તે ચોર છે. એક બાળક બીજાની કલમ લે છે તે ચોરી કરે છે. ભલે સામેનો માણસ જાણે, છતાં કંઈ વસ્તુ તેની રજા વિના લેવી એ પણ ચોરી છે. વસ્તુ કોઈની નથી એમ માનીને લેવી એમાં પણ ચોરી છે; એટલેકે રસ્તે જડી ગયેલી વસ્તુના આપણે માલિક નથી પણ તે પ્રદેશનો રાજા અથવા તે પ્રદેશનું તંત્ર છે. આશ્રમની નજીક મળેલી કંઈ પણ વસ્તુ આશ્રમના મંત્રીને સોંપવી જોઈએ. મંત્રી, જો તે આશ્રમની ન હોય તો, સિપાઈને હવાલે કરે.

આટલે લગી તો સમજવું પ્રમાણમાં સહેલું જ છે. પણ અસ્તેય આથી બહુ આગળ જાય છે. કોઈ વસ્તુ લેવાની આપણને આવશ્યકતા નથી, છતાં તે જેના કબજામાં હોય તેની પાસેથી તેની ભલે રજા મેળવીને પણ, લેવી એ ચોરી છે. ન જોઈતી એક પણ વસ્તુ લેવી ન જોઈએ. આવી ચોરી જગતમાં વધારે ને વધારે ખાવાના પદાર્થો વિષે થાય છે. મને અમુક ફળની હાજત નથી છતાં લઉં છું, અથવા જોઈએ એ કરતાં વધુ લઉં છું તો તે ચોરી છે. કેટલી હાજત વસ્તુતઃ છે એ માણસ હમેશાં જાણતો નથી, ને લગભગ આપણે બધાં આપણી હોવી જોઈએ એના કરતાં વધારે હાજત કરી મૂકીએ છીએ. તેથી આપણે અજાણપણે ચોર બનીએ છીએ. વિચાર કરતાં આપણે જોઈશું કે આપણી ઘણી હાજતો આપણે સંકેલી શકીએ છીએ. અસ્તેયનું વ્રત પાળનાર ઉત્તરોત્તર પોતાની હાજત ઓછી કરશે. આ જગતમાં ઘણી કંગાલિયત અસ્તેયના ભંગથી પેદા થઈ છે.

ઉપર બતાવી તે બધી બાહ્ય અથવા શારીરિક ચોરી કહીએ. આથી સૂક્ષ્મ અને આત્માને નીચે પાડનારી કે રાખનારી ચોરી તે માનસિક છે. મનથી આપણે કોઈની વસ્તુ મેળવવાની ઇચ્છા કરી કે તેની ઉપર એઠી નજર કરી તે ચોરી છે. મોટાં કે બાળક સારી વસ્તુ જોઈ લલચાઈએ તે માનસિક ચોરી છે. ઉપવાસી શરીરથી તો નથી ખાતો, પણ બીજાને ખાતા જોઈ મનથી સ્વાદને સેવે છે તે ચોરી કરે છે, ને પોતાના ઉપવાસનો ભંગ કરે છે. જે ઉપવાસી ઉપવાસ તોડતાં ખાવાના વિચારો ગોઠવ્યા જ કરે છે તે અસ્તેયનો ને ઉપવાસનો ભંગ કરે છે એમ કહી શકાય. અસ્તેયવ્રત પાળનાર ભવિષ્યમાં મેળવવાની વસ્તુના વિચારના વમળમાં નહિ પડે. ઘણી ચોરીઓના મૂળમાં આ એઠી ઇચ્છા રહેલી જોવામાં આવશે. આજે જે વિચારમાત્રમાં રહી છે તે મેળાવવાને આવતી કાલે આપણે સારાનરસા ઉપાયો યોજવા મંડી જઈશું.

અને જેમ વસ્તુની ચોરી થાય છે તેમ વિચારની ચોરી પણ થાય છે. અમુક સારો વિચાર પોતાનામાં ન ઉદ્ભવ્યો હોય છતાં પોતે જ પ્રથમ કર્યો એમ જે અહંકારમાં કહે છે તે વિચારની ચોરી કરે છે. આવી ચોરી ઘણા વિદ્વાનોએ પણ દુનિયાના ઇતિહાસમાં કરી છે ને આજ ચાલ્યા કરે છે. ધારો કે મેં આંધ્રમાં નવી જાતનો રેંટિયો જોયો. એવો રેંટિયો મેં આશ્રમમાં બનાવ્યો ને પછી કહું કે આ તો મારી શોધ છે. આમાં મેં સ્પષ્ટ રીતે બીજાએ કરેલી શોધની ચોરી કરી છે, અસત્ય તો આદર્યું છે જ.

- 'મંગળપ્રભાત' – ગાંધીજી

પ્રશ્ન : ૦૪ :

નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (૨ ગુણ × ૫ પ્રશ્નો) (૧૦ ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

શિયાળ અને હાથી

*

બ્રહ્મારણ્ય નામના જંગલમાં એક મોટો હાથી રહેતો હતો. તે બધાં પ્રાણીઓને રંજાડતો હતો. આથી જંગલનાં બધાં શિયાળોને થયું કે એ મોટો હાથી, જેનું નામ કર્પૂરતિલક હતું, તેને મારવો જોઈએ. એ જો મરે તો એના માંસથી બધાં શિયાળને ચાર માસ ચાલે એટલું માંસ મળી રહે. બધાં શિયાળો એકઠાં થયાં અને સભા ભરી. સભામાં નક્કી થયું કે કોઈ તરકીબથી આ હાથીને આપણે મારવો જોઈએ. પણ કોઈને કંઈ સૂઝતું ન હતું. આવા બળવાન હાથીને મારવાનો કયો ઉપાય હોઈ શકે?

આ સભામાં એક ઘરડું શિયાળ હતું. તેણે કહ્યું તમે બધાં એ કામ મારા પર છોડી દો. હું કોઈ રીતે આ કર્પૂરતિલક હાથીને મારી શકીશ. પહેલાં તો બધાં વિચારમાં પડી ગયાં પણ ઘરડા શિયાળની બુધ્ધિમાં સહુને વિશ્વાસ હતો એટલે બધાં શિયાળો એ વાતમાં સંમત થયાં. ઘરડા શિયાળે કર્પૂરતિલકને મારવાનું બીડું ઝડપ્યું. બધાં પ્રાણીઓ પણ આ હાથીથી ત્રાસી ગયાં હતાં. પણ કોઈનામાં હાથીની સામે થવાની હિંમત ન હતી. બળવાન હાથીથી બધાં જ પ્રાણીઓ ડરતાં હતાં. આથી શિયાળને થયું કે આ હાથીને મારવાને, એવો કોઈ ઉપાય કરું જેથી બળ વાપર્યા વગર એનો નાશ થાય. આમ પણ બુધ્ધિ વગર બળ કામ આવતું નથી. માત્ર બુધ્ધિ એ બળ વગરનાનું મોટું હથિયાર છે.

બહુ વિચારને અંતે શિયાળને થયું કે, લોભ ગમે તેવા માણસને પાડે છે. લોભ કરનાર માણસની બુધ્ધિ નાશ પામે છે. આથી એવું કંઈ કરું કે જેથી, લોભને કારણે કર્પૂરતિલક હાથી જાળમાં ફસાય. મનમાં બધી યોજના ગોઠવી, એ હિંમતથી કર્પૂરતિલક હાથી જ્યાં રહેતો હતો ત્યાં ગયો. હાથીએ તેને જોઈને ત્રાડ પાડી અને કહ્યું: તું કોણ છે? અહીં શા માટે આવ્યો છે? હું તને હમણાં મારી નાંખીશ. શિયાળે ખૂબ જ નમ્રતાથી, હાથીને પ્રણામ કરીને કહ્યું: હે હાથીદેવ! હું તમારી પાસે દયા માગું છું. પહેલાં હું કહું છું તે તમે સાંભળો પછી મને મારવાની તમને ઈચ્છા થાય તો તમે ખુશીથી મને મારી નાખજો. શિયાળે આમ કહ્યું એટલે હાથી જરા નરમ પડ્યો. કર્પૂરતિલકે એમ વિચાર્યું કે શિયાળ શું કહે છે તે પહેલાં જાણી લઉં, પછી એને મારું. કારણ કે શિયાળ બહુ જ ઘરડું હતું એટલે દોડીને નાસી શકે એમ ન હતું. એટલે હાથીએ વિચાર્યું કે એ જો નાસવા જશે તો પણ હું એને પકડી પાડી શકીશ. આમ વિચારી કર્પૂરતિલક હાથીએ કહ્યું: બોલ! તું શું કહેવા આવ્યો છે તે જલદી કહી દે.

શિયાળે આગળથી બધો વિચાર કરી રાખેલો, તે પ્રમાણે એણે હાથીને કહ્યું: હે હાથીદેવ! તમે બહુ જ બળવાન છો. હું એક વૃધ્ધ શિયાળ છું. અહીંના જંગલનાં બધાં પ્રાણીઓએ એમ વિચાર્યું છે કે એમનો કોઈ રાજા હોવો જોઈએ. બળવાન રાજા વગર જંગલમાં રહેવું સારું નથી. બધાં પ્રાણીઓને લાગ્યું છે કે તમે જ આ જંગલમાં રાજા થવાને લાયક છો; એટલે તમને રાજા થવા માટે હું કહેવા આવ્યો છું. બધાંને લાગે છે કે આચારમાં પવિત્ર હોય, ધર્માત્મા હોય, નીતિમાન હોય છે. અને આવા બધા ગુણો તમારામાં જ છે. માટે બધા તમને રાજા બનાવવા માગે છે. રાજા વગર બધું જ નકામું છે. રાજા વગર, પ્રજાનું રક્ષણ કોણ કરે? રાજા ન હોય તો આપણું ધન લૂંટાઈ જાય, આપણા કુટુંબની પણ સલામતી ન રહે. રાજા મેઘની માફક જગતનાં બધાં પ્રાણીઓનો આધાર છે. મેઘ જો વરસે નહીં તો અનાજ પાકે નહીં. તેમ રાજા વગર કોઈ રક્ષણ કરે નહીં. એટલે કોઈ જીવતું રહે નહીં. રાજા શિક્ષા કરશે એવા ભયથી બધા જ સારા રહે છે. પોતાની જાતે સદાચાર કરવાવાળા માણસો મળવા મુશ્કેલ છે. રાજા હોય તો બધા જ રાજા ન્યાય કરશે એવા ભયથી ગુનો કરતો અટકે છે માટે રાજા તો જોઈએ જ શિયાળે વધુમાં ઉમેર્યું : 'તમારા સમાન આ જંગલમાં કોઈ નથી. બધી રીતે તમે ગુણવાન, બળવાન, કુળવાન છો. માટે તમે રાજા થવા માટે તરત જ મારી સાથે આવો. અમે રાજા થવા માટેનું મૂહુર્ત પણ તમારે માટે જોવડાવી રાખ્યું છે; એ સમય ચાલ્યો ન જાય. તે પહેલાં તમે ચાલો.'

કર્પૂરતિલક હાથી રાજા થવાની વાત આવી એટલે ફુલાઈ ગયો. હવે એ શિયાળ સાથે કડકાઈને બદલે નરમાશથી વાત કરવા લાગ્યો. તેણે કહ્યું : તમે મને રાજા બનાવવા માગો છો તો હું તે માટે તૈયાર છું. તમારા બધાનું હું રક્ષણ કરીશ, પણ તમારે બધાએ મારા તાબામાં રહેવું પડશે અને હું કહું તેમ કરવું પડશે. શિયાળે હા કહી. રાજા થવાના મોટા લોભમાં કર્પૂરતિલક હાથી, આમ ફસાયો, તે રાજા થવાની વાતે, ખુશ થઈ ગયો અને શિયાળ આગળ અને પોતે પાછળ એમ ચાલવા લાગ્યો. શિયાળને થયું કે આજે આ બળવાન હાથી ઠીક લાગમાં આવ્યો છે. તે હાથીને એક તળાવ પાસે લઈ ગયો. શિયાળ તળાવમાં થઈ આગળ ગયું એટલે હાથી પણ પાછળ પાછળ ચાલવા લાગ્યો. આ તળાવમાં ખૂબ કાદવ હતો. એમાં એટલો બધો કાદવ હતો કે જો ભારે શરીરવાળું કોઈ એમાં પગ મૂકે તો, ઊંડે

ખૂંપી જાય અને જેમ જેમ બહાર નીકળવાનો પ્રયત્ન કરે તેમ તેમ વધારે ને વધારે અંદર ફસાતો જાય. હાથીનું એવું જ થયું. શિયાળનું શરીર વજનમાં ઘણું હલકું હતું એટલે તે તળાવમાંથી બહાર નીકળી ગયું; પણ એની પાછળ હાથી ચાલવા લાગ્યો. તે ભારે શરીરને કારણે, કાદવમાં ખૂંપવા લાગ્યો.

હાથીને થયું કે હવે આગળ જવાતું નથી અને જેમ કોશિશ કરે છે તેમ કાદવમાં વધારે ફસાતો જાય છે. એટલે એણે શિયાળને બૂમ પાડી કહ્યું: મિત્ર શિયાળ! તું આગળ આગળ જાય છે પણ જરા પાછળ તો જો, હું આ કાદવમાં ફસાઈ ગયો છું. હવે હું શું કરું? તું જ કોઈ ઉપાય બતાવ. શિયાળને લાગ્યું કે હાથી બરાબર ફસાઈ ગયો છે અને હવે એ નીકળી શકે તેમ નથી એટલે એણે હાથીની મજાક કરતાં કહ્યું : મારું પૂછડું પકડીને તમે બહાર નીકળો. પણ શિયાળ હાથીને પૂછડું પકડવા દે ખરું? એ તો હસતું હસતું કહેવા લાગ્યું: તેં મારા જેવા પર વિશ્વાસ મૂક્યો તેનું તું ફળ ભોગવ. તને હવે કોઈ મદદ કરી શકે એમ નથી. તારા બળથી તું આખા જંગલના બધાં પ્રાણીઓને રંજાડતો હતો અને બધાં તારાથી ગભરાતાં હતાં. પણ એકલું બળ કાંઈ કામ લાગતું નથી મેં તને મારી તરકીબથી મહાત કર્યો છે.

- 'હિતોપદેશ'માંથી

*

૪.૧ હાથી અને શિયાળના સમુદાય વચ્ચેનો સંબંધ કેવા પ્રકારનો હતો?

૪.૨ શિયાળે હાથી સાથેના સંબંધને નવાં રૂપે કઈ રીતે વિકસાવ્યો?

૪.૩ હાથી શા માટે મહાત થયો?

૪.૪ હાથીના મનોજગતનું વિશ્લેષણ કરી તમારાં નિરીક્ષણો આપો.

૪.૫ આ વાર્તાને અંતે તમે કયો સંદેશ લેવા માંગો છો?

પ્રશ્ન : ૦૫ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

ગુજરાત સરકારે 'ધ હેરિટેજ ટુરિઝમ પોલિસી ૨૦૨૦-૨૫' તૈયાર કરી છે. આ અંગે પ્રચાર માધ્યમોને જાણકારી આપતું રાજ્યના પ્રવાસન મંત્રીશ્રીનું નિવેદન તૈયાર કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન : ૦૬ : (આશરે ૧૦૦ શબ્દો) (૦૫ ગુણ)

તમારા ભાઈ કારકિર્દી વિશે નિર્ણય લેવા ઇચ્છે છે. તમે વ્યવસાયે વકીલ છો. કાયદાનો અભ્યાસ અને એને સંલગ્ન કારકિર્દી ઘડવાના લાભ અને મર્યાદાઓ વર્ણવતો શુભેચ્છાદર્શક અંગત પત્ર ભાઈને સંબોધીને તૈયાર કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 5 |

પ્રશ્ન : ૦૭ : (આશરે ૨૦૦ શબ્દો) (૧૦ ગુણ)

જાહેર સાહસોના ખાનગીકરણના ફાયદા અને ગેરફાયદા વર્ણવતું ચર્ચાપત્ર 'ક ખ ગ' વર્તમાનપત્રના તંત્રીશ્રીને સંબોધીને તૈયાર કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન : ૦૮ : (આશરે ૨૦૦ શબ્દો) (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

ભારત સરકારે રચેલી ઇન્સ્ટિટ્યૂટ ઑફ લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગ એન્ડ રીસર્ચ (ILDR) સંસ્થાએ સરકારી અધિકારીઓ માટે કાયદાકીય મુસદ્દાઓના લેખનની તાલીમ માટે એક મહિનાની કાર્યશિબિરનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. તમે આ કાર્યશિબિરમાં સહભાગી હતા. આ તાલીમથી તમને મળેલી જાણકારીને વર્ણવતો અહેવાલ તમારા કાર્યાલયના સમાચારપત્ર માટે તૈયાર કરો.

પ્રશ્ન : ૦૯ :

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો. (૧૦ ગુણ)

*

So why do I talk about the benefits of failure? Simply because failure meant a stripping away of the inessential. I stopped pretending to myself that I was anything other than what I was, and began to direct all my energy into finishing the only work that mattered to me. Had I really succeeded at anything else, I might never have found the determination to succeed in the one arena I believed I truly belonged. I was set free, because my greatest fear had been realised, and I was still alive, and I still had a daughter whom I adored, and I had an old typewriter and a big idea. And so rock bottom became the solid foundation on which I rebuilt my life.

You might never fail on the scale I did, but some failure in life is inevitable. It is impossible to live without failing at something, unless you live so cautiously that you might as well not have lived at all – in which case, you fail by default.

Failure gave me an inner security that I had never attained by passing examinations. Failure taught me things about myself that I could have learned no other way. I discovered that I had a strong will, and more discipline than I had suspected; I also found out that I had friends whose value was truly above the price of rubies.

The knowledge that you have emerged wiser and stronger from setbacks means that you are, ever after, secure in your ability to survive. You will never truly know yourself, or the strength of your relationships, until both have been tested by adversity. Such knowledge is a true gift, for all that it is painfully won, and it has been worth more than any qualification I ever earned.

- J. K. Rowling

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન : ૧૦ :

સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૧×૧૦=૧૦ ગુણ)

૧૦.૧ : રૂઢિપ્રયોગનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.

૧૦.૧.૧ ડારો દેવો

૧૦.૨ : કહેવતનો અર્થ સમજાવો.

૧૦.૨.૧ ખાતર ઉપર દીવેલ

૧૦.૩ : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.

૧૦.૩.૧ દીવાસળી

૧૦.૪ : પંક્તિનો છંદ ઓળખાવો.

૧૦.૪.૧ વળાવી બા આવી, નિજ સકલ સંતાન ક્રમશઃ

૧૦.૫ : અલંકાર ઓળખાવો.

૧૦.૫.૧ કમળ જેવો ખીલતો દિવસ,પોયણા જેવી રાત.

૧૦.૬ : શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

૧૦.૬.૧ ઝાડની છાલમાંથી બનાવેલું વસ્ત્ર

૧૦.૭ : શબ્દની જોડણી સુધારો.

૧૦.૭.૧ સૃસ્ટીદ્રસ્ટીવાદ

૧૦.૮ : વાક્યમાં જોડણીની ભૂલો સુધારો.

૧૦.૮.૧ અત્યાર સુધીમા તેની અનેક આવૃતિઓ અને પુનર્મુદ્દ્રણો થયા છે.

૧૦.૯ : શબ્દની સંધિ છોડો.

૧૦.૯.૧ વ્યાયામ

૧૦.૧૦ : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.

૧૦.૧૦.૧ વિધાન વાક્ય બનાવો | એક હાથે કામ કરવું શી રીતે ફાવે?

**Code : DSM-2**

**Subject : ENGLISH**

**Question Paper**

Time : 3 Hours Max. Marks : 100

Q. 1. Write an essay on any **<u>ONE</u>** of the following in minimum **250** to maximum **300** words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules.

I. Are Mergers the only solution to revive debt-ridden banks?

II. Growing Intolerance in the world

III. Today India Needs 'Harmony in Diversity'

IV. The Cry of Transgenders

V. Media's duty is to inform public, not manufacture opinion

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15 |
|---|---|
| | |

Q. 2. Imagine you are a Deputy Section Officer in Legal Department, Government of Gujarat. Your department has been very recently allotted three additional clerks keeping in view the long pending demand of the department. Your senior officer has sought your opinion about scheduling the needful initial training for these clerks to ensure their proper acquaintance with the work procedure of the department. Write a letter, in about 150 words, to your senior officer offering needful suggestions.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

Q. 3. Write a report in about 200 words on your visit to a Lok Adalat recently held in one of the districts of the state.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

Q. 4. Reflect on the following picture with meaningful observations in about 150 words.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |



Q. 5. Draft a farewell speech, in about 150 words, to be delivered by the honorable Chief Justice of Gujarat High Court.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Q. 6. Write a precis of the following passage in about one-third of its original length.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Grassland is an area in which the vegetation is dominated by a nearly continuous cover of grasses. Grasslands occur in environments conducive to the growth of this plant cover but not to that of taller plants, particularly trees and shrubs. Grasslands are one of the most widespread of all the major vegetation types of the world. This is so, however, only because human manipulation of the land has significantly altered the natural vegetation, creating artificial grasslands of cereal crops, pastures, and other areas that require some form of repetitious, unnatural disturbance such as cultivation, heavy grazing, burning, or mowing to persist. This discussion, however, concentrates on natural and nearly natural grasslands.

The most extensive natural grasslands can be thought of as intermediates in an environmental gradient, with forests at one end and deserts at the other. Forests occupy the most favourable environments, where moisture is adequate for growth and survival of a tall, dense vegetation dominated by trees. Deserts are found where moisture is so lacking that a continuous, permanent vegetation cover cannot be maintained. Grasslands lie between these two extremes.

Like the savannas, deserts, and scrublands into which they commonly blend, grasslands arose during the period of cooling and drying of the global climate, which occurred almost 65.5 million years ago. The date of earliest appearance of grasslands varies from region to region. In several regions a succession of vegetation types can be recognized in the Cenozoic fossil record, as climate dried out progressively. For example, in central Australia during the past 50 million years tropical rainforest gave way successively to savanna, grassland, and, finally, desert. In some places expansion of grasslands to something approaching their modern extent occurred only during the extremely cold, dry intervals — called ice ages in north temperate regions — of the past two million years.

Q. 7. Read the following passage carefully and answer questions that follow. **(5 x 2 = 10)**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

The Milky Way is a large barred spiral galaxy. All the stars we see in the night sky are in our own Milky Way Galaxy. Our galaxy is called the Milky Way because it appears as a milky band of light in the sky when you see it in a really dark area. It is very difficult to count the number of stars in the Milky Way from our position inside the galaxy. Our best estimates tell us that the Milky Way is made up of approximately 100 billion stars. These stars form a large disk whose diameter is about 100,000 light years. Our Solar System is about 25,000 light years away from the center of our galaxy. We live in the suburbs of our galaxy. Just as the Earth goes around the Sun, the Sun goes around the center of the Milky Way. It takes 250 million years for our Sun and the solar system to go all the way around the center of the Milky Way.

Several different telescopes, both on the ground and in space, have taken images of the disk of the Milky Way by taking a series of pictures in different directions – a bit like taking a panoramic picture with your camera or phone. The concentration of stars in a band adds to the evidence that the Milky Way is a spiral galaxy. If we lived in an elliptical galaxy, we would see the stars of our galaxy spread out all around the sky, not in a single band.

Questions:

1. By what name is our galaxy known and why?
2. Why is it mentioned that we live in the suburbs of our galaxy?
3. How can it be said that the Milky Way is a spiral galaxy?
4. Which word in the passage means 'an all-encompassing' view?
5. Give a suitable title to the passage.

Q. 8. Do as directed: (15 x 1 = 15)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

1. Most major cities _______ significantly over the last 30 years.

   A. grew

   B. have grown

   C. will grow

   D. will be growing

   E. would have been growing

2. They will demolish the entire block. *(Change the voice)*

   A. The entire block is being demolished by them.

   B. The block may be demolished entirely by them.

   C. The entire block will have to be demolished by them.

   D. The entire block will be demolished by them.

   E. The entire block should be demolished by them.

3. She said, "We went for a summer trip." *(Change the narration)*

   A. She said that they went for a summer trip.

   B. She said that they were on a summer trip.

   C. She said that they had gone for a summer trip.

   D. She said they went for a summer trip.

   E. She said that we had gone for a summer trip.

4. How childish your talks are! *(Transform the sentence into assertive)*

   A. Your talks could be childish.

   B. Your talks should be childish.

   C. Your talks are not childish.

   D. Your talks are very childish.

   E. Your talks may be childish.

5. Last summer we went on ____ cruise in the Caribbean. Among ____ islands we visited were Bermuda and the Bahamas.

   A. (no article), the

   B. a, the

   C. the, (no article)

   D. (no article), (no article)

   E. the, the

6. The report concludes sadly that ____ students have ____ knowledge of traffic rules.

   A. very few, some

   B. both, whole

   C. every, no

   D. none, any

   E. neither, nor

7. The girl is leaning ____ the wall.

   A. on

   B. above

   C. with

   D. against

   E. in

8. We have to ____ these mosquitoes in order to sleep without being interrupted. *(Select the correct phrasal verb)*

   A. count on

   B. cut down

   C. do without

   D. fall in with

   E. do away with

9. At arm's length *(Select the correct meaning of the given idiomatic expression)*

   A. Length of arm

   B. At a distance

   C. Insult

   D. To hit

   E. Give respect

10. Select the correct meaning of the administrative term *'accrual'.*

    A. Addition

    B. Dismiss

    C. Punish

    D. Spend

    E. Damage

11. Select the correct synonym of *'fostering'.*

    A. Nurturing

    B. Neglecting

    C. Ignoring

    D. Penalizing

    E. Purchasing

12. Select the correct antonym of *'stagnant'.*

    A. Slack

    B. Sluggish

    C. Energetic

    D. Lethargic

    E. Weary

13. Select the correct one word substitution for *'A hundred year old man'.*

    A. Century

    B. Centurion

    C. Cent

    D. Centenarian

    E. Centinary

14. He wants to go outside, _______ the ________ is wet or dry.

    A. weather, weather

    B. whether, whether

    C. whether, weather

    D. weather, whether

    E. None of the above

15. The children listened as the teacher told the _____ about the cat with no ____.

    A. Tale, tale

    B. Tail, tail

    C. Tale, tail

    D. Tail, tale

    E. None of the above

Q. 9. Translate the following passage from Gujarati to English:

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

ગાંધીજીની નેતાગીરીની સૌથી મોટી ખૂબી રાજકારણ, ધર્મ અને સમાજનું મિશ્રણ હતી. પરંતુ ગાંધીજીના વિચારમાં એ બધું અલગ ન હતું. એટલે, રાજકીય આઝાદી જેટલી જ તેમને હિંદુ-મુસ્લિમ એકતા પણ વહાલી હતી ને અસ્પૃશ્યતાનિવારણ ઉપર પણ તેમનો એટલો જ ભાર હતો. તેમના કારણે પહેલી વાર કેવળ ભદ્ર વર્ગની એકલદોકલ મહિલાઓને બદલે, મોટી સંખ્યામાં સ્ત્રીઓ આંદોલનોમાં ભાગ લેતી થઈ. તેમણે સંસ્થાકીય ધર્મને બદલે, ફરજ અને નૈતિકતાના અર્થમાં, ગરીબો-પીડિતોની સેવાના અર્થમાં ધર્મનો મહિમા કર્યો. એકેય ચળવળ કે આશ્રમ મુહૂર્ત જોવડાવીને શરૂ કર્યાં નહીં. અંધશ્રદ્ધાને સદંતર દૂર રાખી. ‘એક વાર રાજકીય આઝાદી આવી જવા દો. પછી સામાજિક પ્રશ્નો હાથમાં લઈશું’- એવો ‘વ્યવહારુ’ અભિગમ તેમણે ન અપનાવ્યો. સંઘર્ષના અને રચનાત્મક કાર્યક્રમો સાથે ચલાવ્યા. રેંટિયો-ચરખો અને સત્યાગ્રહો, અંગ્રેજ સરકાર સામે જેલવાસ ને પોતાના લોકો સામે ઉપવાસ—આ બધું સમાંતરે ચાલ્યું. કોમી એકતા અને અસ્પૃશ્યતા જેવા મુદ્દે પોતાની વાત ચોખ્ખા શબ્દોમાં, પોતાની લોકપ્રિયતા ઘટી જવાની ચિંતા કર્યા વિના મૂકી.

વિષય કોડ : DSM-3

પેપર-3 સામાન્ય અભ્યાસ (મુખ્ય પરીક્ષા)

કુલ ગુણ: 100 સમય : 3 કલાક

1. પ્રશ્ન ક્રમાંક 1 થી 10.
2. બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
4. જવાબ આશરે 200 શબ્દોમાં લખવા.

પ્રશ્ન.-1 આઝાદીની લડતમાં ગુજરાતી મહિલાઓનું યોગદાન અતુલ્ય રહ્યું છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-2 ગુજરાતની ભાતીગળ ચિત્રપરંપરા વર્ણવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-3 ભારતમાં જમીન સાથે સંકળાયેલ મુખ્ય સમસ્યાઓ જણાવો અને ગુજરાતમાં જમીન સંરક્ષણ માટે હાથ ધરાયેલા મુખ્ય કાર્યક્રમો વિશે નોંધ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-4 એસ. આર. બોમ્માઈ કેસમાં ભારતની સર્વોચ્ચ અદાલતે રાજ્યોમાં બંધારણીય કટોકટી લાદવાની કેન્દ્ર સરકાર અને રાજયપાલ માટેની માર્ગદર્શિકા સ્પષ્ટપણે દર્શાવી, મૂલ્યાંકન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-5 બીજા વહીવટી સુધારણા આયોગે સ્પષ્ટપણે નાગરીક કેન્દ્રિત વહીવટ માટે ભલામણ કરી છે. - ખુલાસાવાર સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-6 રાજકીય પક્ષના આધાર વિના દેશમાં યોજાતી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ લોકશાહી વિકેન્દ્રીયકરણની સાચી ભાવનાને સમર્થન આપે છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-7 ટ્રિબ્યુનલો ન્યાયિક કે અર્ધન્યાયિક સંસ્થાઓ છે ? વિગતવાર ઉદાહરણોસહ સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-8 ભારતમાં સાયબર સુરક્ષા સામેના પડકારોની ચર્ચા કરો અને તે માટે લેવામાં આવેલા પગલાં જણાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-9 ભારતમાં ગ્રામીણ અર્થતંત્રની સ્થિરતા માટે કૃષિથી અન્ય ક્ષેત્રોમાં નોકરીઓનું / રોજગારીનું વૈવિધ્યકરણ અનિવાર્ય છે. - ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-10 તાજેતરમાં ભારતમાં શરૂ કરવામાં આવેલા 'સમુદ્રયાન પ્રોજેક્ટ' વિશે જણાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

વિષય કોડ : DSM-4

સામાન્ય અભ્યાસ–2

ગુણ-100 સમય : 3 કલાક

(1) પ્રશ્નક્રમાંક : 1 થી 10

(2) બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.

(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.

(4) જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.

પ્રશ્ન : 1. ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ હેઠળ અપીલના વિવિધ પ્રકારો વિષે સમજુતી આપો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 2. ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ અન્વયે દેહાંત દંડની સજાને પાત્ર ગુનાઓ જણાવી દેહાંત દંડની સજાની બંધારણીયતા વિષે સર્વોચ્ચ અદાલતનો અભિગમ કેસ સહીત સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 3. દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ અન્વયે 'દીવાની પ્રકારનો દાવો' કોને કહેવાય તે ઉદાહરણ સહીત જણાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 4. મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ અન્વયે 'ચાલુ દાવે મિલકત હસ્તાંતર'ના સિધ્ધાંતની સમજુતી આપો :

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 5. ન્યાયવિદ્ ઓસ્ટીને પ્રસ્થાપિત કરેલ 'આદેશાત્મક વિચારસરણી' શું છે ? પ્રો. એચ. એલ. એ. હાર્ટ દ્વારા આ વિચારસરણીની કરવામાં આવેલ ટીકાઓ જણાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 6. ટૂંકમાં સમજાવો

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

(અ) ઔદ્યોગિક વિવાદ ધારા, ૧૯૪૭ અન્વયે હડતાલ અને તાળાબંધી

(બ) ટ્રેડ યુનિયન્સ એક્ટ, ૧૯૨૬ હેઠળ નોધાયેલ ટ્રેડ યુનિયનોને મળતા વિશેષાધિકારો

પ્રશ્ન : 7. કારખાના અધિનિયમ, ૧૯૪૮ અન્વયે સ્ત્રી કામદારો માટેની સ્વાસ્થ્ય સબંધી જોગવાઈઓ જણાવો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન : 8. પ્રસુતિ સહાયતા અધિનિયમ, ૧૯૬૧ની મુખ્ય જોગવાઈઓ જણાવો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન : 9. ગુજરાત હાઇકોર્ટમાં રીટ અરજી કરતા પહેલા કઈ કઈ તકેદારી રાખવી પડે છે ? પરમાદેશની રીટ અરજી કરવા માટેની પાયાની બાબતો જણાવો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન : 10. સ્ત્રીઓને થતી ઓન લાઇન તેમ જ મોબાઈલ દ્વારા થતી જાતીય સતામણી અને કનડગત રોકવા માટે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ અન્વયેની જોગવાઈઓ જણાવો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |